1. समर्चनम्

[વેદો ભારતના પ્રાચીન સમાજ અને ધર્મના આધારભૂત ગ્રંથો છે. વેદ ચાર છે - ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. વેદમાં આવતાં વચનોને મન્ત્ર કહે છે. વેદમન્ત્રોમાં ક્યારેક સ્તુતિ કરવામાં આવી છે, તો ક્યારેક પ્રાર્થના. ક્યારેક કોઈનું વર્ણન છે, તો ક્યારેક કોઈ તત્ત્વજ્ઞાનની ગૂઢ વાત. પ્રસ્તુત પાઠમાં સ્તુતિ, પ્રાર્થના અને પૂજન-નમન માટેના ત્રણ મન્ત્રોનો સમાવેશ કરાયો છે.

વેદ વગેરેમાંથી પ્રેરણા લઈને અનેક સ્તુતિઓ, પ્રાર્થનાઓ જુદા-જુદા છંદોમાં રચવામાં આવી છે, જે લોકમાનસમાં સુરક્ષિત રહીને આપણી પાસે પહોંચી છે. આવાં ત્રણ સ્તુતિપદ્યો અહીં પ્રસ્તુત છે.

ગ્રંથના પ્રારંભમાં મંગલાચરણ કરવાની આપણી પરંપરા છે. આ દૃષ્ટિએ આ મન્ત્રો તેમજ શ્લોકો દ્વારા સંસ્કૃતના અધ્યયનનું મંગલાચરણ કરીશું.]



वैदिकम्

अग्निमीळे पुरोहितं यज्ञस्य देवमृत्विजम् ।
होतारं रत्नधातमम् ॥1॥

- ऋग्वेदः १:१:१

अग्ने व्रतपते व्रतं चरिष्यामि तच्छकेयं तन्मे राध्यताम् ।
इदमहमनृतात् सत्यमुपैमि ॥2॥

- यजुर्वेदः १:५

नमः शम्भवाय च मयोभवाय च नमः शङ्कराय च
मयस्कराय च नमः शिवाय च शिवतराय च ॥3॥

- यजुर्वेदः १६:४१



लौकिकम्

यं ब्रह्मा वरुणेन्द्र-रुद्र-मरुतः स्तुन्वन्ति दिव्यैः स्तवैः
वेदैः साङ्ग-पद-क्रमोपनिषदैः गायन्ति यं सामगाः ।
ध्यानावस्थिततद्गतेन मनसा पश्यन्ति यं योगिनो
यस्यान्तं न विदुः सुरासुरगणाः देवाय तस्मै नमः ॥4॥
भयानां भयं भीषणं भीषणानां
गतिः प्राणिनां पावनं पावनानाम् ।
महोच्चैःपदानां नियन्तृ त्वमेकं
परेषां परं रक्षकं रक्षकानाम् ॥5॥
वयं त्वां स्मरामो वयं त्वां भजामो
वयं त्वां जगत्साक्षिरूपं नमामः ।
सदेकं निधानं निरालम्बमीशम्
भवाम्भोधिपोतं शरण्यं व्रजामः ॥6॥

ટિપ્પણી

નામ (પુંલ્લિંગ) : पुरोहितः યજમાનના અભીષ્ટ કે સંસ્કારાદિ કર્મને કરાવનાર બ્રાહ્મણ **यज्ञः** હોમ, હવન **रत्नधातमः** રત્નોને ધારણ કરનાર **व्रतपतिः** વ્રતોનો સ્વામી **शम्भवः** જેનાથી શમ્ - કલ્યાણ કે સુખ જન્મે છે તે **मयोभवः** જેનાથી મયસ્ - સુખ જન્મે છે તે **शङ्करः** જે શમ્-કલ્યાણ કરે છે તે **मयस्करः** જે મયસ્ - સુખ કરે છે તે **शिवतरः** અતિશય કલ્યાણકારી **स्तवः** સ્તુતિ, ગુણોનું ગાન, વખાણ **साक्षिरूपः** સાક્ષી તરીકે રહેનાર **निरालम्बः** આલંબન વગરનો, પોતાની જાત પર ટકેલો.

(નપુંસકલિંગ) : निधानम् ખજાનો, ભંડાર

सर्वनाम : तत् તે **यम्** જેને **यस्य** જેનો **तस्मै** તેના માટે, તેને **त्वम्** તું **एकम्** એક **परेषाम्** પારકાઓનું **वयम्** અમે **त्वाम्** તને.

विशेषण : दिव्य દિવ્ય, દેવતાઓને લગતું **भीषण** ભયંકર, ડરાવનાર, ભયાનક **पावन** પવિત્ર કરનાર **नियन्तृ** નિયંત્રણ કરનાર, કાબૂમાં રાખનાર **पर** શ્રેષ્ઠ, ઉત્તમ

अव्यय : नमः પ્રણામ હો ! નમન કરું છું.

સમાસ : वरुणेन्द्र-रुद्र-मरुतः (वरुणः च इन्द्रः च रुद्रः च मरुत् च इति वरुणेन्द्र....मरुतः, - इतरेतर द्वन्द्व) सुरासुरगणाः (सुराः च असुराः च इति सुरासुराः, - द्वन्द्वः । सुरासुराणां गणाः सुरासुरगणाः - षष्ठी तत्पुरुष ।) દેવતાઓ અને અસુરોના સમૂહ, દેવોના અને અસુરોના ગણ (આ પાઠ્યપુસ્તકમાં આપવામાં આવેલા સમાસવિગ્રહ માત્ર અધ્યાપન સહાય માટે આપવામાં આવ્યા છે.)

ક્રિયાપદ (પ્રથમ ગણ) : (પરસ્મૈપદ) **चर्** (**चरति**) આચરણ કરવું **गै** (**गायति**) ગાવું, ગાન કરવું **दृश् - पश्य्** (**पश्यति**) જોવું, દેખવું **स्मृ** (**स्मरति**) યાદ કરવું, સ્મરણમાં લેવું **भज्** (**भजति**) ભજવું, ભક્તિ કરવી **नम्** (**नमति**) નમન કરવું, નમવું **व्रज्** (**व्रजति**) જવું, પ્રાપ્ત કરવું.

विशेष

(1) शब्दार्थ : ईळे (ईडे) સ્તુતિ કરું છું. **ऋत्विजम्** ઋત્વિક્ કર્મ કરનારને **होतारम्** હવન કરનારને, હોમ કરનારને **शकेयम्** શકું. સમર્થ બની શકું. **राध्यताम्** સિદ્ધિ કરાવો. સિદ્ધ કરી આપો. **उपैमि** પાસે જાઉં છું. પ્રાપ્ત થાઉં છું. **स्तुन्वन्ति** સ્તુતિ કરે છે. ગુણગાન કરે છે. **साङ्ग-पद-क्रमोपनिषदैः** છ વેદાંગો, પદપાઠ, ક્રમપાઠ તેમજ ઉપનિષદોની સાથેના **गायन्ति** ગાન કરે છે. **सामगाः** સામ મંત્રોનું ગાન કરનારા **ध्यानावस्थिततद्गतेन** ધ્યાનની અવસ્થાને પ્રાપ્ત થયેલા **मनसा** મન વડે **विदुः** જાણે છે. પ્રાપ્ત કરે છે. **महोच्चैःपदानाम्** મોટાં અને ઊંચાં પદો (ધરાવનાર)ના **परेषाम्** ઉત્તમોમાં, શ્રેષ્ઠોમાં **जगत्साक्षिरूपम्** જગતના સાક્ષીરૂપ **एकम्** એકમાત્ર **भवाम्भोधिपोतम्** સંસારરૂપી સાગરની પાર ઉતારનાર નાવ **शरण्यम्** શરણમાં જવા લાયક, આશરો લેવા માટે યોગ્ય.

(2) सन्धि : अग्निमीळे (अग्निमीडे) (अग्निम् ईळे) । तच्छकेयम् (तत् शकेयम्) । तन्मे (तत् मे) । इदमहमनृतात् (इदम् अहम् अनृतात्) । त्वमेकम् (त्वम् एकम्) । भजामो वयम् (भजामः वयम्) । सदेकम् (सत् एकम्) ।

[વેદોની ભાષા સસ્વર એટલે કે સ્વર સાથે બોલાય છે અને લખાય છે. સ્વર ત્રણ છે : ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત. ઋગ્વેદના મંત્રોને બોલતી વખતે ઉદાત્ત સ્વર થોડો ઊંચેથી, અનુદાત્ત સ્વર થોડો નીચેથી અને સ્વરિત સ્વર મધ્યમ લયથી બોલાય છે. જ્યારે ઋગ્વેદ તથા યજુર્વેદના મંત્રોને લખતી વખતે અનુદાત્ત સ્વર બતાવવા માટે _ આ રીતે જે-તે અક્ષરની નીચે આડી રેખા દોરવામાં આવે છે. એ જ રીતે સ્વરિત સ્વર બતાવવા માટે ˈ આ રીતે જે તે અક્ષરની ઉપર ઊભી રેખા દોરવામાં આવે છે. ઉદાત્ત સ્વર બતાવવા માટે કોઈ ચિહ્ન વપરાતું નથી.]

स्वाध्याय

1. अधोलिखितानां प्रश्नानाम् उत्तराणि लिखत ।

(1) कम् पुरोहितम् ईडे ?

(2) यज्ञस्य देवः कः अस्ति ?

(3) अहं किं चरिष्यामि ?

(4) दिव्यैः स्तवैः के स्तुवन्ति ?

(5) वयं कं शरणं व्रजामः ?

2. प्रकोष्ठात् उचितं पदं चित्वा वाक्यपूर्तिं कुरुत ।

(1) अहं ..... रत्नधातमम् ईळे । (अग्निम्, यज्ञम्, पुरोहितम्)

(2) इदम् अहम् ..... उपैमि । (अनृतात्, सत्यम्, व्रतम्)

(3) योगिनः ..... पश्यन्ति । (ज्ञानेन, चक्षुषा, मनसा)

(4) सुरासुरगणाः देवस्य ..... न विदुः । (स्वरूपम्, निवासम्, अन्तम्)

(5) वयं त्वां जगत्साक्षिरूपं ..... । (भजामः, नमामः, स्मरामः)

3. प्रकोष्ठगतं पदं प्रयुज्य अधोलिखितानि वाक्यानि प्रश्नार्थस्वरूपे परिवर्तयत ।

(1) देवाय नमः । (कस्मै)

(2) साङ्ग-पद-क्रमोपनिषदैः वेदैः सामगाः गायन्ति । (के)

(3) योगिनः देवं पश्यन्ति । (कम्)

4. अधोलिखितानां प्रश्नानाम् मातृभाषायाम् उत्तराणि लिखत ।

(1) અગ્નિદેવની કઈ-કઈ વિશેષતાઓ મન્ત્રમાં વર્ણવી છે ?

(2) અગ્નિથી કયું વ્રત લેવામાં આવ્યું છે ?

(3) યોગીઓ કોનાં દર્શન કરે છે ? કેવી રીતે ?

(4) ભક્ત જેના શરણમાં જાય છે, તે દેવતત્ત્વ કેવું છે ?

5. श्लोकपूर्तिं कुरुत ।

(1) अग्निमीळे ..... रत्नधातमम् ॥

(2) नमः शंभवाय ..... शिवतराय च ॥

(3) वयं त्वां स्मरामो ..... व्रजामः ॥

6. क-विभागं ख-विभागेन सह यथार्थरीत्या संयोजयत ।

क	ख
(1) अग्निम्	(1) नमः
(2) शिवाय	(2) पुरोहितम्
(3) दिव्यैः	(3) न विदुः
(4) अन्तम्	(4) प्राणिनाम्
(5) सामगाः	(5) स्तवैः
(6) गतिः	(6) गायन्ति
	(7) ब्रह्मा

प्रवृत्ति

- વેદની આ ઋચાઓ તથા પ્રાર્થનાના શ્લોકો કંઠસ્થ કરો.
- આવી બીજી ઋચાઓ અને પ્રાર્થનાઓ સુવાચ્ય અક્ષરે લખી વર્ગખંડમાં પ્રદર્શિત કરો.
- શાળાની પ્રાર્થનાસભામાં મન્ત્રોનું તથા શ્લોકોનું ગાન કરો.